# અંતરમેળ



કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, મુંબઈ

સપ્ટેમ્બર - ડિસેમ્બર ૨૦૧૫  વર્ષ ૮ અંક ૩  પૃષ્ઠ ૮  રૂા. ૨/-

## મુક્તિ પોતે જ શિસ્ત લાવે છે

**આ**પણામાંના મોટા ભાગના લોકોમાં મુક્તિ અંગે કેવળ કલ્પના છે, તેની વાસ્તવિકતા વિષે કોઈ સ્પષ્ટતા નથી. જ્યારે આપણે મુક્તિ વિષે ચર્ચા કરીએ છીએ ત્યારે આપણે તેનો અર્થ બાહ્ય મુક્તિ સમજીએ છીએ, એટલે કે આપણને ફાવે તે કરવું; મુસાફરી કરવી, જુદી જુદી રીતે આપણી જાતને વ્યક્ત કરવી, અથવા આપણી મરજી મુજબ વિચારવું. મુક્તિની આ બાહ્ય અભિવ્યક્તિનું મહત્ત્વ ખાસ કરીને એવા દેશોમાં અસાધારણ છે જ્યાં જુલમશાહી કે સરમુખત્યારશાહી શાસન પધ્ધતિ છે, અને એવા દેશોમાં કે જ્યાં મુક્તિ આપવામાં આવી છે ત્યાં લોકો વધારે ને વધારે સુખ અને વધારે ને વધારે માલિકીહક્ક મેળવવા માટે દોટ મૂકે છે.

ખરેખર, મુક્તિ શું સૂચવે છે એમાં ઊંડા ઉતરીને જો આપણે તપાસ કરવી હોય- આંતરિક રીતે, સંપૂર્ણપણે તદ્દન મુક્ત થવું શું છે; એવી મુક્તિ શી ચીજ છે જે આપમેળે પોતાને બાહ્ય રીતે સંપૂર્ણપણે સમાજ, સમાજના સંબંધોમાં વ્યક્ત કરે છે; એની તપાસ કરવી હોય તો મને લાગે છે કે આપણે એ પૂછવું પડશે કે આટલી અસહકારક રીતે અનુબંધિત થયેલું મન શું ક્યારેય મુક્ત થઈ શકે ખરું? કે પછી તેણે (મને) હંમેશાં પોતાના અનુબંધનોની અંદર જ રહીને કામ કરવાનું છે કે જેથી તેના સ્વતંત્ર થવાની તલભાર શક્યતા પણ ન રહે? એમ લાગે છે કે પૃથ્વી પર આંતરિક કે બાહ્ય મુક્ત જેવી કોઈ વસ્તુ શક્ય છે જ નહીં. કેવળ શાબ્દિક રીતે એવું સમજીને મન બીજી દુનિયામાં મુક્તિની શોધ કરવા લાગે છે, એક ભાવિ મુક્તિ, સ્વર્ગ વગેરેની શોધ કરવા લાગે છે.

પહેલાં તમે મુક્તિ વિષેની તમારી સૈધ્ધાંતિક અને કાલ્પનિક માન્યતાઓને એક બાજુ રાખો કે જેથી આપણે એ તપાસ કરી શકીએ કે આપણાં મન, મારું અને તમારું મન, ખરેખર ક્યારેય મુક્ત થઈ શકે ખરું? શું મન તેનાં સભાન અને ગહન એવાં અભાન બન્ને સ્તરે પરાધીનતાથી, ભયથી, ચિંતાથી અને અસંખ્ય સમસ્યાઓથી ખરેખર ક્યારેય મુક્ત થઈ શકે ખરું? શું એવી પૂર્ણ માનસિક મુક્તિ શક્ય છે કે જેમાં માનવમન એવી કોઈ વસ્તુ પામી શકે કે જે સમયથી પર હોય, કે જે વિચાર દ્વારા બની ન હોય છતાં પણ જે રોજિંદા જીવનની વાસ્તવિકતાઓથી પલાયન ન હોય?

જ્યાં સુધી માનવ-મન આંતરિકપણે, માનસિક રીતે સંપૂર્ણપણે મુક્ત નહીં થાય ત્યાં સુધી તેને માટે સાચું શું છે એ જોવું શક્ય નથી. ભય દ્વારા ઉત્પન્ન ન થઈ હોય એવી પણ કોઈ વાસ્તવિકતા છે એ જોવું શક્ય નથી, એ વાસ્તવિકતા કે જે સંસ્કૃતિ અને સમાજ દ્વારા ઘડવામાં ન આવી હોય અને જે રોજિંદી નીરસતા, કંટાળો, એકાકીપણું, હતાશા અને ચિંતામાંથી પલાયન ન હોય એ જોવું માનવમન માટે શક્ય નથી. શું સાચોસાચ એવી મુક્તિ છે? એ જાણવા માટે આપણે આપણાં અનુબંધનો, આપણી રોજિંદી જિંદગીના અભાવો અને એ સહુથી ચડિયાતા આપણા ભય પ્રતિ સાવધ થવું પડશે. આપણે આપણી જાત તરફ સાવધ થવું પડશે, આત્મનિરીક્ષણ કે આત્મવિશ્લેષણની મદદથી નહીં પરંતુ જેવા છીએ તેવા આપણે ખરેખર સાવધ થવું પડશે અને જોવું પડશે કે શું આપણે એ બધી વસ્તુઓ કે જેણે આપણા મનને જકડી રાખ્યું હોય એમ જણાય છે તેનાથી સમગ્રપણે મુક્ત થઈ શકીએ?

આપણે જે તપાસ કરવાના છીએ તે માટે આપણે અંતે નહીં; પરંતુ શરૂઆતથી જ મુક્ત હોઈએ એ જરૂરી છે. જ્યાં સુધી આપણે મુક્ત ન હોઈએ ત્યાં સુધી આપણે તપાસ ન કરી શકીએ, બારીક તપાસ કે ચકાસણી કરી ન શકીએ. ઊંડાણથી જોવા માટે મુક્તિની સાથે શિસ્ત પણ જરૂરી છે. કેમ કે મુક્તિ અને શિસ્ત એકસાથે હોય છે. મુક્ત થવા માટે કોઈને અગાઉથી જ શિસ્તબધ્ધ કરવામાં આવે એમ ન થઈ શકે. શિસ્ત શબ્દનો ઉપયોગ આપણે અહીં તેના મૂળભૂત અર્થ ''શીખવું' પ્રમાણે કરીશું, અને નહીં કે તેના પરંપરાગત અર્થ પ્રમાણે કરીએ કે જે મુજબ તેનો અર્થ થાય છે અનુપાલન, અનુકરણ, સ્વીકૃતિ, દમન તથા કોઈ પૂર્વનિર્ણીત માર્ગ અનુસરવો. ''શીખવું' અને ''મુક્તિ' બંને એકસાથે રહે છે. મુક્તિ પોતે જ શિસ્ત લાવે છે, જે શિસ્ત કોઈ ચોક્કસ પરિણામ પ્રાપ્ત કરવા માટે લાદવામાં આવેલી નથી હોતી. મુક્તિ અને શીખવાનું કાર્ય આ બે વસ્તુઓ બહુ જ જરૂરી છે. જો આપણે મુક્ત ન હોઈએ તો આપણે આપણા વિષે શીખી શકીએ નહીં, આપણે નિરીક્ષણ કરી શકીએ તે માટે એટલે કે કોઈ નિયત રીત, સૂત્ર કે ખ્યાલ પ્રમાણે નહીં પરંતુ આપણે જે છીએ તેનું નિરીક્ષણ કરી શકીએ તે માટે એટલે કે કોઈ નિયત રીત, સૂત્ર કે ખ્યાલ પ્રમાણે નહીં પરંતુ આપણે જે છીએ તેનું નિરીક્ષણ કરી શકીએ તે માટે મુક્ત હોવા જોઈએ. એ નિરીક્ષણ, એ પ્રતિતી, એ અવલોકન પોતાની આગવી શિસ્ત અને શીખવાની રીત લાવે છે અને તેમાં અનુપાલન, અનુકરણ, દમન કે નિયંત્રણ જે કાંઈ હોય તે નથી હોતું, અને તેમાં જ અદભુત સૌંદર્ય હોય છે.

*The Flight of the Eagle*, લંડન ૧૯૬૯, ભાષણ ૨

### મુક્તિ એટલે એકલા ઊભા રહેવું

મુક્તિ એટલે એકલા, કોઈ વળગણ અને ભય વગર ઊભા રહેવું. ભ્રાંતિને પોષતી ઈચ્છાથી સમજપૂર્વકની મુક્તિ. એકલા હોવામાં પારાવાર શક્તિ છે. માત્ર અનુબંધિત કે પ્રોગ્રામ કરેલું મગજ જ ક્યારેય એકલું હોતું નથી, કારણ કે તે જ્ઞાનથી ભરેલું હોય છે. જેને ધર્મ કે ટેકનોલોજીથી પ્રોગ્રામ મુજબ ગોઠવી શકાય છે તે હંમેશાં મર્યાદિત હોય છે. આ મર્યાદા જ ઘર્ષણનું મુખ્ય પરિબળ છે. ઈચ્છાનાં પૂતળા જેવા માણસ માટે સૌંદર્ય જોખમી બાબત છે.

## સંપાદકીય

**સા**માન્ય રીતે શબ્દોનો જે રીતે ઉપયોગ કરવામાં આવે છે તેનાં કરતાં કૃષ્ણમૂર્તિ તેમનો ઉપયોગ તદ્દન જુદા જ અર્થમાં કરે છે અને આપણને તેમાં રહેલું સત્ય સમજાય છે. દાખલા તરીકે ‘મુક્તિ’ શબ્દને લઈએ! મુક્તિમાં એવું નિહિત છે કે ‘સ્વ’ ની ઈચ્છા મુજબ વર્તવાની છૂટ. પણ આ મુક્તિ (છૂટ) ખરેખર તો મુક્તિ છે જ નહીં. શું આ સ્વ (અહં કે હું) સહુથી મોટો અવરોધ (બંધન) નથી? કૃષ્ણમૂર્તિ જે મુક્તિની વાત કરે છે તે આ બધાની પેલે પારની મુક્તિ છે. તે સૂક્ષ્મ છે, પરંતુ જો તમે તેને યથાર્થપણે સમજો તો એ જ સત્ય છે.

કૃષ્ણમૂર્તિ એમ પણ કહે છે કે પસંદગી હોવી એ ખરેખર તો મુક્તિનો અસ્વીકાર છે. આ વાતમાં મોટો વિરોધાભાસ જણાય છે. સામાન્ય રીતે એમ લાગે કે પસંદ કરવાની છૂટમાં મુક્તિ નિહિત છે. પરંતુ કૃષ્ણમૂર્તિ તેથી યે આગળ જાય છે અને તે વાત સમજાવે છે. કૃષ્ણમૂર્તિ જે કહે છે તેનું સત્ય સમજવું બહુ મહત્વનું છે. શું આપણે એ સત્ય જોઈએ છીએ કે પસંદગીનું મૂળ બંધનમાં છે, મર્યાદાઓ બાંધવામાં છે? પસંદગી ‘હું ઈચ્છું છું’ કે ‘હું નથી ઈચ્છતો’ માં પકડાઈ જાય છે, તે મુક્ત નથી.

તો મુક્તિ શું હોઈ શકે? આપણે ટૂંકમાં મુક્તિ શું છે તેનાં કરતાં મુક્તિ શું નથી તે જોયું. કૃષ્ણમૂર્તિ કહે છે કે મુક્તિ ‘વિરોધ’માં ન હોઈ શકે. પણ મુક્તિનો અર્થ આપણે માનીએ છીએ કે તે નિયંત્રણ, બંધન ની વિરુદ્ધની બાબત છે. ‘વિરોધ હોવો’ એ દ્વૈત નથી સૂચવતું? જ્યાં ક્યાંય પણ દ્વૈત હોય ત્યાં સંઘર્ષ તો હોય જ. અને સંઘર્ષમાં ‘મુક્તિ’ બિલકુલ ન સાંપડે. અને તેથી જ મુક્તિની સકારાત્મકપણે શોધ અસંભવ લાગે છે.

તેથી, જો આપણે આપણી બધી ઊર્જા મુક્તિ શું નથી એ શોધવા પાછળની યાત્રામાં ખર્ચીએ તો એ યાત્રા જ આપણને કાંઈક શીખવશે.

---

## કેવળ સ્વ-જ્ઞાનથી જ મુક્તિ ઉદ્‌ભવે છે

**ત્યા**રે શું મન માટે પોતાનાં અનુબંધનોથી સભાન થવું અને તેમ કરીને પોતાનાં એ અનુબંધનોથી મુક્ત થવું શક્ય છે? મનનાં આ અનુબંધનો સમાજ દ્વારા, વિવિધ સ્વરૂપો ધરાવતી સંસ્કૃતિ, ધર્મ અને શિક્ષણ દ્વારા લાદવામાં આવેલાં છે, અને મહત્ત્વાકાંક્ષાની પૂરી પ્રક્રિયા, કાંઈક બનવાનો પ્રયત્ન, કે જે પોતે સમાજ દ્વારા એક ઢાંચામાં ઢળેલો છે અને આપણા પર લાદવામાં આવેલાં છે. અને સમાજ ઘડવામાં માણસે એવી બીબાંઢાળ રીત પણ માણસે પોતે જ સર્જી છે જે આપણાં પર લદાએલી છે. હવે, વ્યક્તિ તરીકે આપણે આપણાં અનુબંધનોથી સભાન થઈ શકીએ અને મન માટે શું એ શક્ય છે કે તે આ બધી મર્યાદાઓને વટાવી શકે કે જેથી સત્ય શું છે એ શોધવા માટે તે મુક્ત બને? કારણ કે મને એમ લાગે છે કે જ્યાં સુધી આપણે આપણાં મનને તેનાં અનુબંધનોથી મુક્ત નહીં કરીએ ત્યાં સુધી આપણાં સંબંધોમાં ઘર્ષણોમાં, આપણાં યુદ્ધો અને બીજી આપત્તિઓ, તે વધતી જ રહેવાની અને કૂદકે ના ભૂસકે વધતી જવાની – અને વિશ્વમાં આમ જ બની રહ્યું છે. આપણાં અંગત જીવનમાં જ નહીં, પરંતુ વ્યક્તિઓ અને વ્યક્તિઓના સમૂહોમાં કે જેને આપણે સમાજ કહીએ છીએ તેમાં પણ આમ જ બની રહ્યું છે.

આ સમગ્ર ચિત્રને ધ્યાનમાં લેતાં અને તેનાં દરેક પાસાંનાં મહત્વને જાણીને શું મન માટે પોતાનાં અનુબંધનોથી સભાન થવું અને તેનાથી મુક્ત થવું શક્ય છે? કારણ કે કેવળ મુક્તિમાં જ સર્જનાત્મકતા હોઈ શકે, પરંતુ મુક્તિ એ કોઈપણ બાબતની પ્રતિક્રિયા નથી. મન જેમાં કેદ છે એવા કારાગારની પ્રતિક્રિયા મુક્તિ નથી, તે ગુલામીની વિરુદ્ધની બાબત નથી. મુક્તિ કોઈ હેતુ નથી. ચોક્કસપણે, જે મન સત્ય, ઈશ્વર અથવા તેને તમે જે નામ આપવા ઈચ્છો તેને શોધવા (પામવા) ઈચ્છતા મનનો પોતાનો કોઈ હેતુ નથી. મોટાભાગના માણસોને કોઈ હેતુ હોય છે, આ હેતુ સ્વ-વિકાસ અથવા સ્વ-વિનાશનો હોય છે. અને શું મન સભાન થઈને પોતાને આ બધાં જ બંધનોથી મુક્ત કરી શકે? એ બંધનો તેણે (મને) સ્વયં સુરક્ષિત થવા માટે, સંતુષ્ટ થવા માટે, વ્યક્તિગત કે રાષ્ટ્રીય પરિણામ મેળવવા માટે પોતાની ઉપર લાદ્યાં છે તેનાથી મુક્ત થઈ શકે?

હું વિચારું છું કે જે વિશે હું વિચારું છું તે ક્રાંતિ ત્યારે જ શક્ય બને કે જ્યારે મન બિલકુલ શાંત હોય, એકદમ શાંત હોય. પરંતુ મનની એ શાંતિ કોઈ પ્રયત્ન દ્વારા આવેલી ન હોવી જોઈએ – તે સ્વાભાવિકપણે, સહેલાઈથી આવે છે. જ્યારે મન પોતાની ક્રિયાની પ્રક્રિયાને સમજે છે ત્યારે આવે છે. તેનો અર્થ એ છે કે તે સ્વ-જ્ઞાનને રોજેરોજ જીવાતાં જીવનમાં, આપણાં સંબંધોમાં શોધવું તેવો છે. સંબંધ એવું દર્પણ છે કે જેમાં આપણે આપણું પોતાનું વાસ્તવિક દર્શન કરી શકીએ છીએ, જેમાં કોઈ વિકૃતિ નથી હોતી. અને કેવળ સ્વ-જ્ઞાનથી જ, આપણે ખરેખર જેવા છીએ તેવા જ પોતાને જોવા, અર્થઘટન કે અભિપ્રાયની વિકૃતિ વગર મન શાંત થાય છે, નિશ્ચલ થાય છે. પરંતુ મનની તે શાંતિ પ્રયત્નપૂર્વક મેળવી શકાતી નથી. તેની શોધ કરી શકાતી નથી, જો તમે તેની પાછળ પડીને મનની શાંતિ મેળવો તો તેમાં હેતુ ભળે છે, અને એવી શાંતિ ક્યારેય પૂર્ણશાંતિ ન હોઈ શકે કારણ કે તે હંમેશાં એક વસ્તુ તરફની ગતિ અને બીજી વસ્તુ તરફ જવાની સ્થિતિ દર્શાવે છે.

આમ, કેવળ સ્વ-જ્ઞાનથી જ મુક્તિ ઉદ્‌ભવે છે, તેનો અર્થ છે વિચારણાની સંપૂર્ણ પ્રક્રિયાને સમજવી. આપણી અત્યારની વિચારણા કેવળ પ્રતિક્રિયા છે, તે અનુબંધિત મનનો પ્રતિભાવ છે, અને આવી વિચારણા પર આધારિત કોઈપણ ક્રિયા મહા અનર્થમાં પરિણમે છે. સત્ય શું છે, ઈશ્વર શું છે તે શોધવા માટે એવું મન હોવું જોઈએ કે જે પોતાને પૂરેપૂરું જાણતું હોય, તેનો અર્થ એ છે કે તેણે સ્વ-જ્ઞાનની સમગ્ર સમસ્યાની તપાસ કરી લીધી હોવી જોઈએ. ત્યારે જ એવી સંપૂર્ણ ક્રાંતિ સર્જાય છે કે જે સર્જનાત્મક મુક્તિ હોય છે, અને એ સર્જનાત્મક મુક્તિ જ સત્યની ખરી સમજ છે, તે જ ઈશ્વર વિશેની સાચી સમજ છે.

*Total Freedom*, મુંબઈ ૧૯૫૫, ભાષણ ૧

### મુક્તિ શરૂઆતથી જ હોય છે

મને લાગે છે કે આ સમજવું જરૂરી છે કે મુક્તિ શરૂઆતથી જ હોય છે, અંતે નહીં. આપણે વિચારીએ છીએ કે મુક્તિ એ મેળવવાની વસ્તુ છે, આપણે એમ માનીએ છીએ કે સ્વાધીનતા એ મનની એવી અવસ્થા છે જે ધીમે ધીમે સમયાંતરે જુદી જુદી રીતે પ્રાપ્ત કરવાની હોય છે, પરંતુ મારા મતે આ અભિગમ બિલકુલ અયોગ્ય છે. મુક્તિ મેળવવાની નથી હોતી, સ્વાધીનતા એવી વસ્તુ નથી કે જેને પ્રાપ્ત કરવાની હોય. મુક્તિ અથવા સ્વાધીનતા એ મનની એવી અવસ્થા છે કે જે કોઈપણ સત્ય, વાસ્તવિકતાની શોધ કરવા માટે આવશ્યક છે, તેથી તે આદર્શ ન હોઈ શકે, તે તો પ્રારંભથી અસ્તિત્વ ધરાવતી હોવી જોઈએ. શરૂઆતથી જ મુક્તિ ન હોય તો પ્રત્યક્ષ સમજણની ક્ષણો હોઈ જ ન શકે, કારણ કે ત્યારે બધી વિચારણા મર્યાદિત હોય છે, અનુબંધિત હોય છે. જો તમારું મન કોઈ નિષ્કર્ષને વળગેલું હશે તો તે મુક્ત નથી. અને ત્યારે આવું મન જે સત્ય છે તેને કદાચ ગ્રહણ ન કરી શકે.

મુંબઈ ૧૯૫૬, ભાષણ ૧

## મુક્તિને કઈ રીતે સમજી શકાય અને મુક્ત કેવી રીતે રહી શકાય?

**મ**ને લાગે છે કે આજની આ સવારે આપણે સાથે મળીને મુકિત વિશે ચર્ચા કરવી જોઈએ... એમ લાગે છે કે દુનિયામાં જોઈએ તો જાણાય છે કે આપણાં રોજ-બ-રોજનાં જીવનમાં મુક્તિનું પ્રમાણ ઘટતું જાય છે. આપણે વધારે અનુબંધિત થતાં જઈએ છીએ, આપણી ક્રિયાઓ મર્યાદિત છે. આપણો દૃષ્ટિકોણ જ છીછરો છે, અથવા કટુ છે, દ્વેષયુક્ત છે અથવા ખૂબ આશાવાદી છે. અને આપણે ક્યારેય રોજિંદી બાબતોમાંથી ક્યારેય ઊંચા જ ન આવતા હોઈએ તેમ લાગે છે, જીવનની આ બધી યાતનામાંથી આપણે સંપૂર્ણપણે મુક્ત થતાં જ નથી. અલબત એકહથ્થુ સત્તા ધરાવતા રાષ્ટ્રોમાં મુક્તિ હોતી જ નથી. અહીં પશ્ચિમના વિશ્વમાં અને પૂર્વના વિશ્વમાં થોડે અંશે વધારે મુક્તિ હોય છેઃ તમારી નોકરી બદલાવવાની, મુસાફરી કરવાની કે તમને ગમે તે વ્યક્ત કરવાની અને તમને ગમે તે લખવાની છૂટ હોય છે. પરંતુ આ મુક્તિથી તો માણસ વધારે ને વધારે યાંત્રિક થતો જાય છે, ત્યારે તે મુક્તિ નથી રહેતી... આમ મુક્તિ એ એવું કાંઈક છે કે જેનો અર્થ આપણે શોધવાનો છે અને શું આપણે માટે તેનાથી મુક્ત થવું શક્ય છે કે નહીં. માત્ર આંતરિકપણે નહીં પરંતુ ભીતરથી, ઊંડાણમાં પણ. શું આપણે આંતરિકપણે, માનસિકપણે, આપણી નસેનસમાં મુક્તપણે આપણને પોતાને સાચી રીતે, યથાર્થપણે, વિશુદ્ધપણે વ્યક્ત કરી શકીએ તેમ છીએ કે નહીં, જો એમ કરી શકાય તો જ આપણે મુક્તિ શું છે એ સમજી શકીએ.

શું મુક્તિ ગુલામી શબ્દની વિરુદ્ધનો શબ્દ છે? શું મુક્તિ કેદ, બંધન કે દમનની વિરુદ્ધની હોય એવી કોઈ વસ્તુ છે? મુક્તિએ તમને ગમે તેવું શું કરવાનું છે? શું મુક્તિ અ-મુક્તિની વિરુદ્ધનું હોય એવું કાંઈ છે? અને આમ કાંઈક વિરુદ્ધનું ખરેખર છે ખરું? આપણે હંમેશાં વિરુદ્ધની બાબતોનાં સંદર્ભમાં જ કાર્ય કર્યું છે. ખરું? હું કેદમાં છું અને મારે તેમાંથી મુક્ત થવું જ જોઈએ. મારે બહાર નીકળવું જ જોઈએ. હું માનસિકપણે અને શારીરિકપણે એક આદતનો ગુલામ છું, અને મારે કાંઈક બીજું બનવા માટે તેનાથી છુટકારો મેળવવો જ જોઈએ.

તો, શું મુક્તિ અ-મુક્તિની વિરુદ્ધની બાબત છે? કે પછી મુક્તિને એ વિરુદ્ધની બાબત સાથે કોઈ નિસબત નથી?... તેથી આપણે પૂછીએ છીએઃ શું મુક્તિને જેને આપણે અ-મુક્તિ કહીએ છીએ તેની સાથે કોઈ રીતે સંબંધિત નથી? જો તે એવી હોય તો એ પ્રમાણે મુક્ત કેવી રીતે રહી શકાય, તેને કેવી રીતે સમજી શકાય અને તેનો અમલ કેવી રીતે કરી શકાય કે જેથી આપણે દરેક કાર્ય મુક્ત રહીને કરીએ?

આથી આપણે કહીએ છીએ કે : મુક્તિ બંધન સાથે સંકળાયેલી નથી, ભલે પછી તે આદતનું માનસિક કે શારીરિક બંધન હોય, કોઈ આસક્તિ કે વળગણ હોય વ.વ. તો અહીં કેવળ મુક્તિ છે, તેની વિરુદ્ધની કોઈ બાબત નથી. જો આપણે તેનું સત્ય સમજીએ તો આપણે કેવળ જે છે તેની સાથે જ નિસબત રહેશે, નહીં કે જે હોવું જોઈએ-ની સાથે, કે જે તેની વિરુદ્ધની બાબત છે. તમને તે સમજાયું? આપણે સાથે મળીને જ આમ વિચારીએ છીએ, ખરું?

બ્રૉકવુડ પાર્ક ૧૯૭૮, ભાષણ ૩

---

## શું, આપણે ખરેખર મુક્ત થવા માગીએ છીએ?

**દ**મનની કોઈ પણ વેદના કે અમુક માર્ગને અનુસરતી કોઈપણ પાશવી શિસ્ત સત્ય તરફ લઈ જતી નથી. સત્ય ઉપર આવવા માટે મન વિકૃતિના એક પણ ડાઘ વિનાનું સંપૂર્ણ મુક્ત હોવું જોઈએ.

પણ પહેલાં તો આપણે પોતાની જાતને પૂછીએ કે શું, આપણે ખરેખર મુક્ત થવા માગીએ છીએ? જ્યારે આપણે સ્વતંત્ર્યની વાત કરીએ છીએ ત્યારે આપણે સંપૂર્ણ મુક્તિની વાત કરીએ છીએ કે અમુક અગવડભરી અપ્રિય અથવા અનિચ્છનીય બાબતથી છૂટવાની? પીડાકારી અને વિકૃત સ્મૃતિઓથી અને દુઃખદ અનુભવોથી મુક્ત થવાનું આપણને ગમે છે. પણ આપણે આપણને ગમતી, આપણને સંતોષ આપતી વિચારસરણીઓ, સૂત્રો અને સંબંધો જાળવીએ છીએ. પરંતુ એક વસ્તુને બીજી વિના જાળવવી અશકય છે. આપણે જોયું તે પ્રમાણે મનને વેદનાથી જુદું પાડી શકાય તેમ નથી.

એટલે આપણે સંપૂર્ણ મુક્ત થવા માગીએ છીએ કે નહિ તે આપણે દરેકે નક્કી કરવાનું છે. જો આપણે મુક્ત થવા માગતા હોઈએ તો આપણે મુક્તિનું સ્વરૂપ અને બંધારણ સમજવું જોઈએ.

જ્યારે આપણે અમુક વસ્તુથી મુક્ત થઈએ છીએ, અમુક પ્રકારના દુઃખ કે ચિંતાથી મુક્ત થઈએ છીએ, ત્યારે શું તે મુક્તિ છે? મુક્તિ પોતે જ કોઈ તદ્દન જુદી વસ્તુ છે? દા.ત. તમે અદેખાઈથી મુક્ત થઈ શકો પણ તે મુક્તિ છે? વિશ્લેષણ દ્વારા મતાગ્રહને લાત મારીને બહુ સહેલાઈથી તમે તેનાથી મુક્ત થઈ શકો. પણ એ મતાગ્રહમાંથી મુક્ત થવાના હેતુને એનો પોતાનો પ્રત્યાઘાત છે. કારણ કે મતાગ્રહમાંથી મુક્ત થવા પાછળની ઈચ્છા એ પણ હોય કે હવે તે ફેશનેબલ ગણાતું નથી અથવા સગવડભર્યું નથી. તમે આંતરરાષ્ટ્રીયતામાં માનો છો અથવા તમને એમ લાગે છે કે આ મૂર્ખાઈભરેલો રાષ્ટ્રવાદ. તેનો ધ્વજ અને બીજી અનેક નકામી વસ્તુઓ આર્થિક રીતે હવે ઉપયોગી નથી; એટલે તમે રાષ્ટ્રવાદમાંથી છૂટા થઈ શકો, તમે એને સહેલાઈથી બાજુ પર મૂકી દઈ શકો અથવા કોઈ આધ્યાત્મિક કે રાજકીય નેતાએ શિસ્ત કે બળવાન પરિણામે સ્વાતંત્ર્ય અપાવવાનું તમને વચન આપ્યું હોય તેની સામે તમે થાઓ. પણ આવા બુદ્ધિવાદ, આવાં તર્કબધ્ધ તારણોને મુક્તિ સાથે કશો સંબંધ છે ખરો?

જો તમે એમ કહો કે અમુક વસ્તુથી તમે સ્વતંત્ર છો તો તે એક પ્રત્યાઘાત છે. પછી તે બીજું બંધન બની જશે. તે બીજી ગુલામી લાવશે. બીજા પ્રકારની જોહુકમી લાવશે. આ રીતે પ્રત્યઘાતોની શૃંખલા ઊભી થાય છે, અને તમે દરેક પ્રત્યાઘાતને સ્વાતંત્ર્ય તરીકે સ્વીકારો છો. પણ તે મુક્તિ નથી. મન જેને વળગી રહે છે તેવા સુધારેલા ભૂતકાળનું તે સાતત્ય છે...

...હવે, આપણે આપણી જાતને એકબીજો પ્રશ્ન પૂછીએ. આ મુક્તિ, આ એકાંત, આપણી અંદર આપણે જેવા છીએ તેની સાથે સંસર્ગમાં આવવું તે સમયના ગાળામાં હોય છે? એટલે કે મુક્તિ ક્રમિક પ્રકિયા દ્વારા મેળવાય છે? ના, કારણ કે દેખીતી રીતે જ તમે સમયને વચ્ચે લાવો છો ત્યારે તમે તમારી જાતને વધારે ને વધારે ગુલામ બનાવો છો. તમે ક્રમે ક્રમે મુક્ત થઈ ન શકો તે સમયનો પ્રશ્ન નથી.

બીજો પ્રશ્ન છે, તમે મુક્તિ વિષે સભાન થઈ શકો? જો તમે એમ કહો કે 'હું મુક્ત છું' તો તમે મુક્ત નથી. કોઈ મનુષ્ય એમ કહે કે 'હું સુખી છું' તેના જેવું આ છે. જે ઘડીએ તે એમ કહે કે 'હું સુખી છું' તે ઘડીએ જે કાંઈ વીતી ગયું છે, એની સ્મૃતિમાં તે રહે છે. મુક્તિ કેવી છે તેની કલ્પના કરીને પણ તમે મુક્તિ પામી નહિ શકો. મુક્તિ મેળવવા જે જીવન એક વિશાળ ગતિ છે, જેને સમયનું બંધન નથી. એ જીવનને જોતાં શીખવાનું છે, મુક્તિ તો ચેતનાના ક્ષેત્રને પેલે પાર છે.

જ્ઞાત વિસર્જન

# કૃષ્ણમૂર્તિની શાળાઓનું સામયિક

## Journal of the Krishnamurti Schools

**આ** કૃષ્ણમૂર્તિની શાળાઓ માટેનું શિક્ષણ ક્ષેત્રે નવી દૃષ્ટિ દર્શાવતાં લેખો પ્રસ્તુત કરતું અને કૃષ્ણમૂર્તિની શાળાઓના તથા અન્ય શૈક્ષણિક સમકાલીન સંસ્થાઓના વર્ગખંડમાં અમલમાં મૂકી શકાય તેવું વાર્ષિક સામયિક છે.

કૃષ્ણમૂર્તિની સ્કૂલોનાં આ સામયિકનું પ્રકાશન ૧૯૯૫ થી થઈ રહ્યું છે. તે પ્રકાશિત કરવા પાછળ એવી ભાવના રહેલી છે કે તે શૈક્ષણિક વિષય માટે પોતાના અનુભવો અને અંતર્દૃષ્ટિ સમગ્ર વિશ્વ માટે ચર્ચાનું મુખપત્ર બની રહે. વર્ષો જતાં એ જ મુખ્ય ભાવનાને જાળવી રાખી, આ સામયિકમાં પોતાનું પ્રદાન કરનારાઓ અને તેના પાઠકોની સંખ્યામાં વિસ્તૃત થયું છે.




આ સામયિકમાં શૈક્ષણિક વિષયો શીખવનાર શિક્ષકો અને સંશોધન કરીને લેખો લખનારાઓને સાંકળતી કડીનો અભાવ જણાતો હતો. આથી જ્યારે શિક્ષકોને પોતાના અનુભવો પર આધારિત બાબતો પર વિચાર કરી નોંધ લખવાનો સમય કાઢી શકે ત્યારે તેનું મહત્ત્વ અને મૂલ્ય વિશેષ હોય છે.

કૃષ્ણમૂર્તિની સ્કૂલોનાં આ સામયિકને સ્કૂલનાં શિક્ષણની તથા તે અંગેનાં લખાણોની જરૂરિયાતના સંદર્ભમા અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડે છે.

આ શૈક્ષણિક સામયિક દર વર્ષે પ્રગટ કરવામાં આવે છે અને તે કેળવણીકારો, શિક્ષકો અને વિચારકોના લેખોનો સાહિત્ય-સંગ્રહ છે જે શિક્ષણમાં તદ્દન નવા દૃષ્ટિકોણથી વિવિધ ક્ષેત્રોની સંભાવનાઓમાં સંશોધન કરે છે. આ ક્ષેત્રોમાં મુખ્યત્વે તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, વર્ગખંડમાં થતાં અનુભવો, અભ્યાસક્રમ, પ્રકૃતિ અને પર્યાવરણ તથા પ્રવર્તમાન સમસ્યાઓનો સમાવેશ થાય છે. આ સામયિક કૃષ્ણમૂર્તિના શિક્ષણને લગતા વિચારો પર વિશેષ ભાર મૂકે છે. આથી આ સામયિક શિક્ષકોને, માતા-પિતાને, શિક્ષણના કેળવણીકારોને, શિક્ષક-કેળવણીકારોને અને શિક્ષણમાં રસ ધરાવતી કોઈપણ વ્યક્તિ માટે અત્યંત ઉપયોગી બની રહે છે.

વાર્ષિક વર્ગણી : રુ. ૧૨૦/- સંપર્ક : info@kfionline.org

## મુક્તિ એ તો મનની એક અવસ્થા છે

મુક્તિ એ તો મનની એક અવસ્થા છે. કશામાંથી મુક્તિ નહિ. પણ મુક્તિની ભાવના- દરેક બાબતમાં શંકા ઊઠાવવાનું અને પ્રશ્ન કરવાનું સ્વાતંત્ર્ય – એટલી તીવ્ર, એટલી ક્રિયાશીલ, એટલી શક્તિશાળી હોય છે કે તે દરેક પ્રકારનું અવલંબન, ગુલામી, તાબેદારી અને સ્વીકૃતિને ફગાવી દે છે. આવી મુક્તિનો અર્થ તદ્દન એકલા થઈ જવું તે છે. પરિસ્થિતિ ઉપર અને પોતાની રુચિઓ ઉપર આટલો આધાર રાખતી સંસ્કૃતિમાં જે મન ઊછર્યું હોય તે, જેમાં સંપૂર્ણ એકાંત હોય અને જેમાં નેતાગીરી ન હોય, પરંપરા ન હોય એવી મુક્તિ પામી શકે?

## અદ્ભુત ધરતી

**ત**મે સમુદ્ર કિનારે ચાલતા હો અને પ્રચંડ મોજાં ઉછળી રહ્યા હોય ત્યારે તમે જોયું હશે કે તે અસંખ્ય વળાંકો સાથે તાકાતથી પછડાઈને તૂટી પડે છે. તમે વહેતા પવનની સામે ચાલો છો અને અચાનક તમને એમ લાગે છે કે તમારી અને આકાશની વચ્ચે કાંઈ જ નથી, અને એ ખુલ્લો અવકાશ સ્વર્ગ સમો છે. તે એટલો તો અબાધ્યપણે ખુલ્લો હોય છે કે તેમાં પર્વતો, સમુદ્ર અને માણસો સમાઈ જાય – એવું હોવું એ જ તો ધ્યાનનું હાર્દ છે. ન કોઈ પ્રતિકાર, ન કોઈ વસ્તુ પ્રત્યે આંતરિક અવરોધ, ખરેખર મુક્ત હોવું, સંપૂર્ણપણે મુક્ત હોવું. પ્રત્યેક ગૌણ આવેગ, વિવશતાઓ, ઈચ્છાઓ, તેને લગતા સંઘર્ષો તથા દંભ વગર ફેલાવેલા હાથે જીવનના પથ પર ચાલવું. અને તે સાંજે, ત્યાં ભીની રેતી પર તમારી આસપાસ ઉડાઉડ કરતાં પંખીઓ જોઈ તમે અસાધારણ ખુલ્લી મુક્તિનો અને પ્રેમના એ મહાન સૌંદર્યનો કે જે તમારી ભીતર-બહાર જ નહીં પરંતુ સર્વત્ર વ્યાપ્ત છે તેનો અનુભવ કરો છો.

All the Marvelous Earth
બ્રૉકવુડ પાર્ક ૧૯૮૦, ભાષણ ૩

## મનને મુક્ત કરવું

**ત**મે તમારી આજીવિકા મેળવવા માટે ખૂબ કામ કરો છો અને જીવવા માટે ધન મેળવવા વર્ષો સુધી કોઈ બોસની તાબેદારી હેઠળ રહો છો, અપમાનને ગળી જાઓ છો, આમન્યા જાળવવા માટે અગવડો અને અવમાનનાને ગણકારતા નથી. પરંતુ મનને મુક્ત રાખવું એ એથી યે કપરું કામ છે. તે માટે જેમાં મન પોતાની બધી નબળાઈઓને, પોતાને છેતરતી યુક્તિઓને, કલ્પનોને, ભ્રાંતિઓને અને પોતાને વિષે ઉડતી અફવાઓની જાણકારી સાથે ઊંડી દીર્ઘદૃષ્ટિ, ઊંડી સમજણ અને પુષ્કળ સભાનતાની જરુર પડે છે. એકવાર જો મન આ બધાથી મુક્ત થઈ જાય ત્યારબાદ તે ઈશ્વરની, જીવનના આ ઊંડાણ, સૌંદર્ય અને પ્રેમની પરિપૂર્ણતાની શોધ કરી શકે પરંતુ જો મન મુક્ત જ ન હોય અને એ શોધ કરે તો તેનો કોઈ અર્થ નથી. તમે સમજો છો? જે મન સત્યની, જીવનની ગહનતાની, એ સૌંદયની, પ્રેમની પરિપૂર્ણતાની શોધ કરતું હોય તેને માટે તેનું નિતાંત મુક્ત હોવું આવશ્યક છે. એનો અર્થ એ નથી કે મન બીબાંઢાળ, અનુબંધિત, પરંપરાથી મર્યાદિત હોય અથવા એમ કહેતું હોય કે, 'હું સત્યની, ઈશ્વરની શોધ કરું છું.' એ તો ખીલે બાંધેલા ગર્દભ જેવું મન કહેવાય કે જે પોતે જેનાથી બંધાએલો છે તે દોરડાની લંબાઈથી વધારે દૂર જઈ શકતો નથી.

*Collected Works*, Vol. X

## પુસ્તક પરિચય

### The World Within

**You Are the Story of Humanity**

**આં**તરિક વિશ્વઃ તમે જ માનવતાની વાત છો

જે. કૃષ્ણમૂર્તિની હાથે લખાયેલી નોંધોના આધારે પ્રકાશિત થયેલા પુસ્તકોમાંથી સૌથી છેલ્લું પ્રકાશન, એક એવું પ્રકાશન કે જેમાં ૭૦ વરસ પહેલાં તેમણે ડાયરીમાં નોંધેલા વિચારો મૂકાયા છે. ઉપરાંત, લગભગ બધાંજ, ૯૦ જેટલાં પ્રકરણો, એક જ ઐતિહાસિક ઘટના -૨જા વિશ્વયુધ્ધની આસપાસ ગૂંથાયેલા છે.

વિશ્વયુધ્ધના સમય દરમ્યાન (૧૯૩૯-૧૯૪૫) કૃષ્ણમૂર્તિ કેલિફોર્નિયાના ઓહાઈમાં રહેલા પરંતુ, અમેરિકામાં જાહેરમાં બોલ્યા ન હતા. લોકો તેમને શોધી કાઢી, તેમની જોડે પોતાને મુંઝવતા વ્યક્તિગત પ્રશ્નો કે સાંપ્રત સમયના પ્રશ્નો વિશે વાતચીત અને સંવાદ કરવા તેમને મળતા. આ પાનાંઓને વાંચતાં, વાચક અચાનક જ પોતાને અને પોતાને મુંઝવતા પ્રશ્નોને કોઈક અને




કોઈક પ્રશ્નકર્તાના પ્રશ્નમાં પ્રતિબિંબિત થયેલા જુએ છે. પ્રશ્નકર્તાઓ એવા લોકો છે કે જે એક કે બીજી રીતે, સીધા કે આડકતરા, ૨૦મી સદીની આપત્તિઓના ભોગ બનેલા છે. આંતરિક અને બાહ્ય બન્ને પ્રકારના પ્રશ્નો પર અહીં સંવાદ થયેલા છે, જેવા કેઃ જે સ્ત્રીનો પતિ વિશ્વયુધ્ધમાં મરાયો છે તેની એકલતા; જે માતાએ પોતાનો પુત્ર ગુમાવ્યો છે તેનું દુઃખ; 'વિશ્વયુધ્ધ તરફે' કે 'વિશ્વયુધ્ધની વિરોધ'માં વિચાર ધરાવતા રાજકારણીઓની દલીલો, નવ્ય વિશ્વનાં સપનાંઓ રાખતા સામાજિક સુધારકોની દ્વિધાઓ, અસ્તિત્વવાદી ફિલસુફો અને ધર્મચિંતકોના પુનઃજન્મ, કર્મ, પાપ અને માસાંહાર જેવા મુદ્દા વિશેના માનસિક સંતાપો - માનવીય સંવેદનાના દરેકે દરેક ક્ષેત્ર અહીં મળી આવે છે.

ડેમિ પેપરબેક, પાનાં ૨૪૨, કિંમત ૨૯૫/-

---

**અધિકૃત વેબસાઈટઃ** www.jkrishnamurti.org

**કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈંડિયા,** વસંત વિહાર, ૧૨૪ ગ્રીનવેજ રોડ, ચેન્નઈ ૬૦૦ ૦૨૮.

Email : thestudykfi@yahoo.com • Website: http: www.kfionline.org

કૃષ્ણમૂર્તિના વાર્તાલાપ અને સંવાદોની ડીવીડી તમે ઓર્ડર દ્વારા મંગાવી શકો છો. જેની યાદી વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બેંગલુરુઃ** ધી સ્ટડી વેલી સ્કૂલ કૅમ્પસ,૧૭ કિ.મી. કનકપૂરા રોડ, થાતગુણી પોસ્ટ બેંગલુરુ ૫૬૦૦૬૨.

૧૦-૧૩ સપ્ટેંબર ૨૦૧૫ Education and the understanding of Life ૦૮-૧૧ ઑક્ટોબર ૨૦૧૫ Breaking free from the "prison of the mind"

૦૯-૧૩ ડિસેંબર ૨૦૧૫ **Retreat for Young (18-35) What are you doing with your Life?

૦૭-૧૦ જાન્યુઆરી ૨૦૧૬ Exploring Worry, Stress & Conflict

ટે.નં. (૦૮૦) ૨૮૪૩૫૨૪૩. • Email : kifistudy@gmail.com. • Website : www.kfistudy.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર રાજઘાટ-વારાણસી,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, રાજઘાટ ફોર્ટ વારાણસી ૨૨૧ ૦૦૧

**વાર્ષિક સમ્મેલન :** વિષય : ચેતનાનું પરિવર્તન (Transformation of Consciousness)

૧૮-૨૧ નવમ્બર ૨૦૧૫ • http://www.kfionline.org/events/kfi-annual-gathering-2015

ટેલિફોન નં. (૦૫૪૨) ૨૪૪૧૨૮૯ / ૨૪૪૦૪૫૩. • Email : kcentrevns@gmail.com. • Website : www.j-krishnamurti.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રિ,** પોસ્ટ-તિવઈ હિલ, તાલિકા ખેડ, (રાજગુરુ નગર, જિ. પૂના ૪૧૦૫૧૩, મહારાષ્ટ્ર)

ટે.નં. (૦૨૧૩૫) ૨૮૮૭૭૨, ૨૮૮૩૪૮, ૨૦૩૪૭૫. • Email :kfisahyadri.study@gmail.com • Website : http:/www.kscskfi.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઋષિ વેલી,** જિ. ચિત્તૂર, આંધ્રપ્રદેશ - ૫૧૭૩૫૨

ટે.નં. (૦૮૫૭૧) ૨૬૦૩૭/૬૮૬૨૨/૬૮૫૮૨. • Email : study@rishivalley.org. • website : http:/www.rishivalley.org.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઉત્તરકાશી,** પોસ્ટ રાનારી, ડુંડા બ્લોક, જિ. ઉત્તરકાશી ૨૪૯૧૫૧

ટે.નં. ૯૪૧૨૪ ૩૬૪૨૯/ ૯૪૧૫૯ ૮૩૬૯૦ • Email : krc.himalay@gmail.com

website : http/www.jkrishnamurtionline.org. (ભારતીય ભાષામાં સંકેત સ્થળ)

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, કોલકત્તા,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, ૩૦,દેવદાર સ્ટ્રીટ, કોલકત્તા ૭૦૦ ૦૧૯.

ટે.નં. (૦૩૩) ૪૦૦૮૨૩૯૮ • Email: kfikolkata@gmail.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કટક-ઓરિસા કેન્દ્ર,** પૂરીઘાટ રોડ, તેલંગા બજાર, કટક ૭૫૩૦૦૯, ઓરિસા

ટે.નં. (૦૬૭૧) ૬૪૧૭૯૯૦ • Email: kficuttackcentre@sify.com • website :www.kficc.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બદલાપુરઃ** આનંદવિહાર, જે. કૃષ્ણમૂર્તિ સેલ્ફ એજ્યુકેશન સોસાયટી, જાંભિળઘર, રાહાટોલી ગામની નજીક, બદલાપુર(પ્ર). તા. થાણા, પીનકોડ ૪૨૧૫૦૩, મહારાષ્ટ્ર.

૧૨-૧૩ સપ્ટેંબર ૨૦૧૫ Understanding Disorder in Daily Living ૧૦-૧૧ ઑક્ટોબર ૨૦૧૫ What is Awareness?

૧૪-૧૫ નવંબર ૨૦૧૫ A religious mind is something entirely different from the mind that believes in religion

૧૨-૧૩ ડિસેમ્બર ૨૦૧૫ Art of Listening and Looking

ટે.નં. (૦૨૨) ૨૫૦૧૪૦૯૪, ૨૪૨૨૩૧૯૯. • Email: jksesbadlapur@gmail.com • website: www.jkses.org

## મુક્તિ આપી ન શકાય

મુક્તિ આપી ન શકાય. મુક્તિને મેળવવા માટે તમે તેની પાછળ ન પડો ત્યારે તે અસ્તિત્વમાં આવે છે. તમે તેની પાછળ ન પડો ત્યારે જ તે ઉદ્ભવે છે. જ્યારે તમને એ સમજાય કે તમે કેદમાં છો, જ્યારે તમને પોતાને એ વાતની પૂરેપૂરી જાણ હોય કે તમે અનુબંધિત છો, જ્યારે તમે એ જાણો કે તમે સમાજ, સંસ્કૃતિ, પરંપરા અને તમને જે કાંઈ કહેવામાં આવે છે તેના દ્વારા અનુબંધિત છો ત્યારે એ ઉદ્ભવે છે.

મુક્તિ એક વ્યવસ્થા છે – તે ક્યારેય અવ્યવસ્થા નથી હોતી – આપણે બાહ્યપણે અને આંતરિકપણે સંપૂર્ણપણે મુક્ત જ હોવા જોઈએ. મુક્તિ વગર સ્પષ્ટતા ન હોય, મુક્તિ વગર તમે પ્રેમ ન કરી શકો, મુક્તિ વગર તમે સત્યને ન પામી શકો, મુક્તિ વગર તમે મનની મર્યાદાની પેલે પાર ન જઈ શકો. તમારે તમારા પૂરા સામર્થ્યથી મુક્તિની કામના કરવી જોઈએ ત્યારે જ તમે શોધી શકશો કે વ્યવસ્થા શું ચીજ છે – અને વ્યવસ્થામાં કોઈ આદર્શ કે બીબાંઢાળ બાબતોનું અનુસરણ કરવાપણું નથી હોતું, તે કોઈ આદતનું પરિણામ નથી.

*Collected Works*, Vol.VIII,
મુંબઈ જાન્યુઆરી ૧૯૬૮

## સંઘર્ષથી મુક્તિને કદાચ સમજી ન શકાય

મુક્તિ બે પ્રકારની હોય છે, શું નથી હોતી? કોઈ વસ્તુથી મુક્તિ (છુટકારો). ધારી લઈએ કે હું ગુસ્સાથી મુક્ત છું, પરંતુ કોઈ વસ્તુથી મુક્તિ એ તો પ્રતિક્રિયા છે, અને દેખીતી રીતે જ તે મુક્તિ નથી. પોતાની રાષ્ટ્રીયતાથી મુક્ત થવું એનો તો કોઈ જ અર્થ નથી. ખૂબ જ બુદ્ધિશાળી માણસ એ વિશિષ્ટ ઝેરથી મુક્ત હોય છે. પરંતુ તે પણ કાંઈ મુક્તિનું મૂળ સ્વરૂપ નથી. અને બીજી જુદા પ્રકારની મુક્તિ છે, તે મનની એવી અવસ્થા છે કે જેમાં કોઈ પ્રયત્ન કરવાનો હોતો જ નથી. એ મુક્તિ પ્રેમ છે, તેમાં એવું નથી કે જેમાં તમે કહો: મારે પ્રેમ કરતાં શીખવું જ જોઈએ, મારે તેનો મહાવરો કરવો પડશે, હું લોકોને ધિક્કારું છું પરંતુ હવે હું ખૂબ મહેનત કરીશ, પ્રેમ કરવાનો પ્રયત્ન કરીશ. તે પ્રેમ નથી. મુક્ત મનની એવી અવસ્થા છે કે જેમાં પ્રેમ છે અને તે એવો પ્રેમ છે કે જે ધિક્કારની, ઈર્ષ્યાની કે આક્રમકતાની વિરોધી હોય તેવી કોઈ બાબત નથી. જ્યારે આપણે એવી વિરોધી બાબતો વડે પ્રેમને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ અને તેનાથી મુક્ત થવાની કોશિશ કરીએ છીએ ત્યારે એક બાબતથી મુક્ત થઈને એવી બીજી બાબતને મેળવીએ છીએ એ વખતે એ બીજી બાબતનાં મૂળમાં તેની પોતાની વિરોધી બાબતો હોય છે, ખરું? કદાચ સંઘર્ષ દ્વારા મુક્તિને સમજી ન શકાય.

સાનેન ૧૯૬૮, ભાષણ ૧

## એ જ મુક્તિમાં સત્ય ઉદ્ભવે છે

જો તમે સદ્‌ગુણ વિષે જાણતા હો તો તમને એ ખબર હશે કે તેમાં પ્રતિકાર કરવાનો હોતો નથી. દયા, ઉદારતા, આત્મ-વિશ્વાસ, ઈર્ષ્યાથી મુક્તિ જેવા સદ્‌ગુણો કેળવવાથી નથી ઉદ્ભવતા. જ્યારે સદ્‌ગુણને કેળવવામાં આવે છે ત્યારે તે પ્રતિકાર બની જાય છે, પરંતુ જો તમે પોતાને સમજવાના રસ્તા જેવી બનવાની પ્રક્રિયાથી સભાન હો ત્યારે બનવાનું (અસ્તિત્વ) ઉદ્ભવે છે. એ કેવું કહેવાય કે જે બનવાના સંઘર્ષમાંથી બહાર નીકળવાના પ્રયત્નો કરવામાં જ તે તેમાં ફસાઈ જાય છે! અહીં કેવળ એટલું જ થઈ શકે – સાવધાન રહેવું અને શાંતિપૂર્વક બનવાની આ પ્રક્રિયાને જાણવી! બનવું એટલે પ્રતિકાર કરવા તૈયાર થવું, અને પ્રતિકાર સ્મૃતિને કેળવવાની વાત છે કે જે પ્રામાણિકતા છે. પસંદગી કે નિંદા કર્યા વગર સભાન રહો, તો તમને ખ્યાલ આવશે કે પ્રતિકારની દીવાલ પડી ગઈ છે. ત્યારે જ, એ જ મુક્તિમાં સત્ય ઉદ્ભવે છે.

## જ્યારે રાષ્ટ્રીય સ્વતંત્રતા વિશે વાત ચાલતી હોય...

**૫. પ્રશ્નકર્તા :** તમે એમ વિચારતા હો તેમ નથી લાગતું કે આપણે આપણી રાષ્ટ્રીય સ્વતંત્રતા મેળવી છે. તમારા મત પ્રમાણે, વાસ્તવિક સ્વતંત્રતાની અવસ્થા કેવી હોવી જોઈએ?

**કૃષ્ણમૂર્તિ :** જ્યારે રાષ્ટ્રીય સ્વતંત્રતા વિશે વાત ચાલતી હોય અને તે વર્ગનિષ્ઠ હોય કે તે કોઈ વિશિષ્ટ વર્ગ પૂરતી સીમિત હોય ત્યારે તે અલગ બાબત થઈ જાય છે. અલગતા અનિવાર્યપણે સંઘર્ષ તરફ લઈ જાય છે. કારણ કે અલગપણે કોઈ વસ્તુનું અસ્તિત્વ હોઈ ન શકે. હોવું એટલે જ કોઈ સાથે સંબંધિત હોવું.

રાષ્ટ્રીય સરહદોથી તમે તમારી જાતને અલગ કરો છો ત્યારે તમે ગૂંચવણ, ભૂખમરો વગેરેને આમંત્રણ આપો છો. અલગતાની પ્રક્રિયાથી મળેલી સ્વાધીનતા અલગ હોવાપણું સૂચવે છે. જ્યારે તમે તમને રાષ્ટ્રીય હસ્તીથી અલગ તારવો છો ત્યારે શું તમને મુક્તિ મળે છે? શું તમને શોષણથી, વર્ગ સંઘર્ષથી, ભૂખમરાથી, પાદરી, પુરોહિતોથી કે આગેવાનોથી મુક્તિ મળે છે? દેખીતી વાત છે કે તમને તેમનાથી મુક્તિ નથી મળતી. તમે ધોળિયા શોષણખોરોને દૂર કરો છો અને તેને સ્થાને અન્ય શોષણખોરોને મૂકો છો. બન્ને નિર્દયી છે.

તમે મુક્ત થવા નથી ઈચ્છતા. તમે શબ્દો વડે તમને પોતાને જ મૂર્ખ બનાવો છો. મુક્તિમાં બુદ્ધિ નિહિત છે – શોષણ કરવાની બુદ્ધિ નહીં પરંતુ દયાળુ અને ઉદાર બનવાની અને સલામતીના સ્વરૂપમાં કોઈનું આધિપત્ય ન સ્વીકારવાની બુદ્ધિ. મુક્તિ માટે સદ્‌ગુણ જરૂરી છે, પરંતુ જ્યારે સ્વકેંદ્રિત દૃષ્ટિકોણથી સાચા ખોટાનો નિર્ણય થાય, તો આ અલગ કરતી પ્રક્રિયા છે. અલગતા અને દંભી પ્રામાણિકતા હંમેશાં એકસાથે રહે છે. સદ્‌ગુણ અને મુક્તિ હંમેશાં એકસાથે અસ્તિત્વ ધરાવે છે.

પોતાને રાષ્ટ્ર તરીકે ઓળખાવતા લોકોના સમૂહ પોતાની આસપાસ એકલતાની દીવાલો ચણશે અને આથી તેઓ કદી મુક્ત થઈ નહીં શકે. તે જ કારણ બનશે સંઘર્ષનું, શંકાનું, વિરોધનું જે અંતે યુદ્ધ તરફ લઈ જાય છે. મુક્તિની શરૂઆત વ્યક્તિગત સ્તરે થવી જોઈએ કે જે માણસ માટેની એક સંપૂર્ણ પ્રક્રિયા છે. જો તે પોતાને આર્થિક સ્તર દ્વારા કે દંભી પ્રામાણિકતાથી અલગ કરી મૂકશે તો તે વિનાશ અને દુર્દશાનું કારણ બનશે. જો તે પોતાને લોભ અને હિંસાથી અળગો રાખશે તો તેના સંબંધોની દુનિયા પર તેનાં કાર્યો સીધેસીધા અસર કરશે. વ્યક્તિને આ નવજીવન કોઈ ભવિષ્યના સમયમાં નહીં પરંતુ આ ક્ષણે જ મળે છે. જો તમે મુલતવી રાખશો તો તમે અંધકાર અને ગૂંચવણમાં ખોવાઈ જશો. પણ જો તમે સંપૂર્ણ ધ્યાન આપશો, મનપૂર્વક, હૃદયપૂર્વક તત્કાલ ગ્રહણ કરીને સમજશો તો તમને આ વાત સમજાશે.

મુંબઈ ૧૯૪૮, ભાષણ ૮

# આ રીતે જે સ્વતંત્રતા છે એમાં સમગ્ર અવધાન વિકસે છે

શિક્ષક શાળામાં આર્થિક સલામતી અને સ્થિરતા અનુભવે એમ કરવું એ ખૂબ મહત્ત્વનું છે. કેટલાક એવા શિક્ષકો હોય છે જે આર્થિક મુશ્કેલીઓની પરવા કર્યા વિના પણ શિક્ષણના કાર્યને વળગી રહે છે, એ શિક્ષણના કામ માટે જ આવ્યા હોય છે. એમને એ માટે માનસ શાસ્ત્રીય કારણો પણ હોય છે. પરંતુ પ્રત્યેક શિક્ષકને આર્થિક ચિંતાઓમાંથી મુક્ત કરીને, તેઓ પોતાને ઘેર હોય એવી સલામતી અનુભવે એવી એમની સંભાળ લેવાવી જોઈએ. જો શિક્ષક પોતે સલામતી અનુભવતો ન હોય તો એ કારણે તે મુક્ત રીતે વિદ્યાર્થી પ્રત્યે ધ્યાન આપી નહિ શકે. અને તો એ સંપૂર્ણ જવાબદાર બની નહિ શકે. જો શિક્ષક પોતે જ પ્રસન્નતા અનુભવી શકતો ન હોય તો એનું ધ્યાન વિક્ષિપ્ત થઈ જશે અને પોતાની સમગ્ર શક્તિને કામે લગાડી નહિ શકે.

શાળા માટે શિક્ષકોની પસંદગી વખતે જ સાચા શિક્ષકો પસંદ કરવાનું આથી જરૂરી બને છે. તેમને થોડા દિવસ આપણી સાથે શાળામાં રહેવા તેડાવવા અને અહીં જે ચાલી રહ્યું છે તેમાં તેઓ પ્રસન્નતાપૂર્વક જોડાઈ શકશે કે નહિ એ જાણી લેવું જોઈએ. શિક્ષક જો અહીં પોતાના ઘર જેવી સલામતીની લાગણી અને પ્રસન્નતા અનુભવી શકે તો વિદ્યાર્થીઓમાં પણ તે એમને શાળા પોતાનું ઘર લાગે એવી સલમાતીની લાગણી જન્માવી શકે.

ઘર જેવું લાગવું એનો અર્થ એ છે કે અહીં ભય નથી અને શારીરિક સલામતી તો છે જ. એની દરકાર પણ રખાય છે. અને સ્વતંત્રતાનું વાતાવરણ પણ છે. રક્ષણની વાતનો કદાચ વિદ્યાર્થીઓ વિરોધ કરશે. એમને એમ લાગશે કે તેઓ કોઈથી રક્ષાયેલા છે. પરંતુ રક્ષણનો અર્થ એવો નથી કે એને જેલમાં રાખ્યો હોય એમ પૂરી દઈને એના ઉપર ચોકીપહેરો મુકાશે. પરંતુ એનું ધ્યાન રાખવામાં આવે છે એટલો જ અર્થ થાય છે.

સ્વતંત્રતાનો પણ દેખીતી રીતે એ અર્થ નથી જ કે, એ જે કંઈ કરવા ઈચ્છશે તે સ્વચ્છંદપણે કરી શકશે. એ દેખીતું છે કે માણસ પોતાના મનમાં જે કંઈ આવે તેમ પૂરેપૂરું ક્યારેય વરતી શકતો નથી. કહેવાતી વ્યક્તિગત સ્વતંત્રતા જેમાં માણસને જેમ ફાવે તેમ વર્તવા દેવો એનો અર્થ તો એ થયો કે માણસને મનમાં આવે તેમ કાર્યની રીત પસંદ કરવા દેવી. એને પરિણામે વિશ્વમાં સામાજિક અને આર્થિક મોટી અનવસ્થા ઊભી થવા પામી છે. અને સર્વહારાવાદ-સરમુખત્યારવાદ પણ એને પરિણામે જ ઊભો થયો છે.

સ્વતંત્રતા બહુ અટપટી બાબત છે. એને બહુ સાવધતાપૂર્વક સમજવી જોઈએ. કારણ કે સ્વતંત્રતા એ બંધનથી ઊલટો શબ્દ નથી. અથવા માણસ જે સંજોગોમાં સપડાયો હોય એમાંથી નાસી છૂટવું એવો પણ એનો અર્થ નથી. અમુકમાંથી મુક્ત એવો એનો અર્થ નથી. નિયમનોમાંથી મુક્તિ એવો પણ એનો અર્થ નથી. સ્વતંત્રતા કોઈની વિરુધ્ધમાં નથી. સ્વતંત્રતા એટલે પોતાનું તંત્ર હોવું તે. સ્વતંત્રતાનું સાચું સ્વરૂપ સમજવું એટલે પ્રજ્ઞાનો ઉદય થવો. એનો અર્થ એ નહિ કે જેવી પરિસ્થિતિ હોય તેને અનુકૂળ થઈ જવું. પરંતુ એનો અર્થ એ છે કે જે છે તેને બરાબર સમજવું. અને એથી પર નીકળી જવું. શિક્ષક જો સ્વતંત્રતાનું સાચું સ્વરૂપ નહિ સમજ્યા હોય તો વિદ્યાર્થી ઉપર એ પોતાનાં ગ્રહિતો, પોતાની મર્યાદાઓ, પોતાના નિર્ણયો બધું લાદશે. એના સ્વાભાવિક પરિણામરૂપે વિદ્યાર્થી એનો પ્રતિકાર કરશે અથવા ભયથી વશવર્તી થઈને સ્વીકારી લેશે. અને દુનિયાના રિવાજ અનુસાર ચીલચાલુ થઈ જશે. એ બીકણ બની રહે, અથવા આક્રમક બની જાય. જીવનની સ્વતંત્રતાની સાચી સમજણ જ-એનો બૌધ્ધિક અથવા શાબ્દિક સ્વીકાર નહિ. એ તો ફક્ત સૂત્રોચ્ચાર પૂરતો જ કામ લાગે-એના મનને શિક્ષણ પ્રત્યે દોરશે.

આખરે શાળા પણ એ છે. જ્યાં વિદ્યાર્થી હૃદયથી સુખી હોય, પ્રસન્ન હોય, એના પર કોઈનું દબાણ ન હોય. પરીક્ષાથી એ ફફડતો ન હોય. અમુક પ્રણાલિ કે ઢાંચા અનુસાર જ વર્તવાની ફરજ પડતી ન હોય. એ એવું સ્થળ છે જ્યાં શીખવાની કલા શીખવાતી હોય. વિદ્યાર્થી જો સુખી-પ્રસન્ન નહિ હોય તો તે આ કલા શીખવાને શક્તિમાન નહિ બને.

યાદ રાખવું, ગોખવું, માહિતીઓ મગજમાં ઠાંસવી, એ બધાંને શિક્ષણ કહેવામાં આવે છે. એ એવું મન ઊભું કરે છે જે સંકુચિત હોય છે. સંસ્કારોના બોજથી લદાયેલું હોય છે. શીખવાની કલા એ છે જે માહિતીજ્ઞાનને યોગ્ય સ્થાન આપે છે. જે શીખવાયું એ પ્રમાણે કુશળતાપૂર્વક કાર્ય કરવાનો પણ એમાં અવકાશ છે. પરંતુ એ સાથે સાથે જે માહિતીજ્ઞાન મેળવ્યું, વિચારોએ જે પ્રતિમાઓ અથવા પ્રતીકો ઊભાં કર્યાં એ બધાંથી માનસશાસ્ત્રીય રીતે તે બંધાયેલો નહીં રહે. કલાનો અર્થ જ એ છે કે દરેક વસ્તુને કોઈ વિચારેલા કે સૂચવાયેલા આદર્શ પ્રમાણે નહીં પણ એનાં વાજબી સ્થાને મૂકવી. આદર્શ કે નિર્ણયની પ્રક્રિયા બરાબર સમજવી એટલે જ અવધાનની કલા શીખવી. આદર્શ એટલે ભૂતકાળ અથવા ભવિષ્યકાળને અનુલક્ષીને વિચારો દ્વારા ઊભી કરેલી સંકલ્પના. એ ભવિષ્યમાં પ્રક્ષિપ્ત કરેલી હોય છે અથવા ભૂતકાળની સ્મૃતિ રૂપે સંઘરાયેલી હોય છે. એ એક છાયાનાટ્ય છે જે વાસ્તવિકતાને પડછાયા રૂપે દેખાડે છે. આ પડછાયો વર્તમાનમાં જે વાસ્તવિક બની રહ્યું છે એથી આપણને દૂર લઈ જાય છે. હકીકતથી દૂર લાગવું એ જ દુઃખ છે.

વિદ્યાર્થીને સાચા અર્થમાં સુખી થવામાં આપણે સહાય કરી શકીએ? જે ઘટના ખરેખર ઘટી રહી છે એમાં એને રસ લેતો કરી શકાય? જે ઘટના ખરેખર ઘટી રહી છે એમાં રસ લેવો એ જ અવધાન છે. સૂર્યના પ્રકાશમાં પાંદડાને ફરકતું એને જોવું છે, એ વખતે એને ચોપડી વાંચવાની ફરજ પાડવી એ એને અવધાનમાં નિરુત્સાહ કરવા જેવું છે. એ પાંદડું સમગ્રતાથી જોવામાં એને મદદ કરવાથી એનું અવધાન એટલું ગંભીર થતું હોય છે કે એમાં કોઈ પ્રત્યવાય આડે આવી શકતો નથી. એ જ રીતે પાંદડાને એણે સમગ્રતાથી જોયું હશે તો એમાંથી વધુ એકાગ્ર બનીને એ જ પુસ્તક અથવા વિષયને હાથમાં લેશે, તેમાં એ ઊંડો ઊતરશે. આ અવધાનમાં કોઈ દબાણ કે આગ્રહ નહિ હોય. અને એમ વર્તવાની કોઈના તરફથી એને ફરજ પણ પડતી નહિ હોય. આ રીતે જે સ્વતંત્રતા છે એમાં સમગ્ર અવધાન વિકસે છે. શિક્ષકની પોતાની પાસે આવી ગુણવત્તા છે? એ હશે તો તે વિદ્યાર્થીને મદદ કરી શકશે.

મોટે ભાગે તો આપણે વ્યવધાનો સાથેના સંઘર્ષમાં રહેતા હોઈએ છીએ. વ્યવધાનો-વિક્ષેપો છે જ નહિ. ધારો કે તમે દિવાસ્વપ્ન જુઓ છો અથવા તમારું મન આમતેમ આથડે છે. હકીકતમાં પણ એમ જ બનતું હોય છે, એને જુઓ. એકાગ્રતાપૂર્વક જોવું એ જ અવધાન છે. વ્યવધાનવિક્ષેપ નહિ હોય.

વિદ્યાર્થીઓને આ શીખવી શકાશે? આ કલા શીખવી શકાય? વિદ્યાર્થી માટે તમે સંપૂર્ણપણે જવાબદાર છો. શીખવા માટે તમારે અનુકૂળ વાતાવરણ ઊભું કરવું જ જોઈએ, જ્યાં સુખ અને સ્વતંત્રતા અનુભવી શકાય. એવી હાર્દિક સચ્ચાઈ જરૂરી વાતાવરણ આપે છે.

શાળાઓને પત્રો

## આપણે મુક્તિનો શો અર્થ કરીએ છીએ?

**સ**ર્વત્ર એવું વાતાવરણ જોવા મળે છે કે આપણે કાંઈક કરવું જ જોઈએ. વર્તમાનત્રો આપણે શું વિચારવું તે જણાવે છે, અને અહીં ઘણી પાંચ, દશ કે પંદર વર્ષીય યોજનાઓ છે. અહીં અર્થશાસ્ત્રી, વૈજ્ઞાનિક અને નોકરશાહી સ્તરના અનેક નિષ્ણાતો છે. રોજિંદી પ્રવૃત્તિની બધી પરંપરાઓ આપણને કહે છે કે આપણે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ. અને ત્યારબાદ તથાકથિત ધર્મગ્રંથોની મનમાં રૂઢ થઈ ગયેલી અસર છે. સિનેમા, રેડિયો, વર્તમાનપત્રોની અસર છે. બધી વસ્તુઓ આપણને એ કહેવાનો પ્રયત્ન કરી રહી છે કે શું કરવું અને શું ન કરવું, શું વિચારવું અને શું ન વિચારવું. મને એ ખબર નથી કે આમાં આપણી પોતાની રીતે વિચારવું કેટલું મુશ્કેલ બની ગયું છે એ વાતની તમે નોંધ લીધી છે કે નહીં. આપણે બીજા લોકો શું કહે છે અથવા તેમણે શું કહ્યું છે તેનાં અવતરણો ટાંકવામાં ઘણા હોંશિયાર થઈ ગયા છીએ. આવી ગળાડૂબ સત્તાવાદી પરિસ્થિતિમાં આપણે પૂછીએ છીએ કે મુક્તિ ક્યાં છે? અને આપણે મુક્તિનો શો અર્થ કરીએ છીએ? શું એવી કોઈ વસ્તુ ખરેખર છે ખરી? હું મુક્તિ શબ્દનો ઉપયોગ તેના સહુથી વધારે પ્રચલિત અર્થમાં કરું છું કે જેમાં સ્વાધીનતાનો સમાવેશ થઈ જાય છે, એવું મન કે જે સ્વાધીન છે, મુક્ત છે. શક્ય હોય અને જો હું કરી શકું તો તે વિશે તપાસ કરવા ઈચ્છું છું. સૌ પ્રથમ, હું વિચારું છું કે આપણે એ સમજવું જોઈએ કે આપણાં મન ખરેખર મુક્ત નથી. આપણે જે કાંઈ જોઈએ છીએ, આપણે જે કાંઈ વિચારીએ છીએ તે વિચાર આપણાં મનને આકાર આપે છે. તમે અત્યારે જે કાંઈ વિચારો, ભૂતકાળમાં તમે જે કાંઈ વિચાર્યું હોય અને ભવિષ્યમાં તમે જે કાંઈ વિચારવાના હો તે બધું મનને આકાર આપે છે. તમે એ જ વિચારો છો કે જે તમને ધાર્મિક વ્યક્તિ દ્વારા, કોઈ રાજકારણી દ્વારા, સ્કૂલમાં તમારા શિક્ષક દ્વારા અથવા પુસ્તકો કે વર્તમાનપત્રો દ્વારા જણાવવામાં આવ્યું છે. તમારા વિશેનું સર્વકાંઈ તમે જે વિચારો છો તેના પર પ્રભાવ પાથરે છે. તમે જે ખાઓ છો, તમે જે જુઓ છો, તમે જે સાંભળો છો - તમારી પત્ની, તમારા પતિ, તમારાં બાળકો, તમારાં પાડોશી, બધું જ તમારા મનને આકાર આપે છે. મને લાગે છે કે આ વાત સમજવી સહેલી છે. અરે જ્યારે તમે એમ વિચારો છો કે ઈશ્વર છે અને ઈશ્વર નથી, તો તે પણ તમારી પરંપરાની અસર છે. આમ આપણું મન એવું ક્ષેત્ર છે કે જેમાં ઘણી વિરોધાભાસી બાબતોની અસર છે જે એકબીજા સાથે લડતી રહે છે.

પુણે ૧૯૫૮, ભાષણ ૫

**કૃષ્ણમૂર્તિના વિષયોની જાણકારી માટે નીચેની વેબસાઈટ્સ જુઓ:**

www.jkrishnamurti.org
www.kfionline.org
www.rishivalley.org
www.j-krishnamurti.org
www.kfistudy.org
www.kscskfi.com
www.jkrishnamurtionline.org
www.kfa.org
www.kfoundation.org
www.kinfonet.org

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા કેન્દ્ર, હિંમત નિવાસ, મલબાર હિલમાં છે. અહીં કૃષ્ણજીના બધાં પુસ્તકો, ડીવીડી ઉપલબ્ધ છે. બાલ આનંદ-બાલ વિકાસ કેન્દ્ર, મુંબઈ સ્થિત આ કેન્દ્ર સાથે સંલગ્ન છે.

કેન્દ્ર તરફથી વખતો વખત કૃષ્ણમૂર્તિના શિક્ષણના અનુસંધાનમાં જીવનનો ગહનતાપૂર્વક અભ્યાસ કરનાર વિચારવંતોના પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. દર શનિવારે અને રવિવારે કૃષ્ણજીના વાર્તાલાપો અને સંવાદોની વિડિયોનો કાર્યક્રમ રાખવામાં આવે છે. તેમજ દર ગુરુવારે સમૂહ વાર્તાલાપનું આયોજન રાખવામાં આવે છે.

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા
વસંત વિહાર, ૧૨૪, ગ્રીનવેજ રોડ,
ચેન્નઈ ૬૦૦ ૦૨૮.
દૂરધ્વનિ: (૦૪૪)૨૪૯૩ ૭૮૦૩/૭૫૯૬
Email : kfihq@md2.vsnl.net.in
Website : www.kfionline.org
સંપર્ક : કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા
બોમ્બે એક્ઝીક્યુટીવ કમિટી, હિમંત નિવાસ,
૩૧, ડુંગરસી રોડ, મલબાર હિલ,
મુંબઈ - ૪૦૦૦૦૬
દૂરધ્વનિ : ૨૩૬૩૩૮૫૬
ઈમેલ : kfimumbai@gmail.com

અંતરમેળ આ વૃત્તપત્રિકા દર ચાર મહિને પ્રસિધ્ધ થતી પત્રિકા છે. કૃષ્ણજીના શિક્ષણના અભ્યાસ કરવા ઈચ્છતી વ્યક્તિ માટે કૃષ્ણજીના સાહિત્યનો ગુજરાતી અનુવાદ, તેમના શિક્ષણને લગત લેખ, સંસ્થાના કાર્યક્રમ તેમજ અભ્યાસ કેન્દ્રની અને પુસ્તકો વગેરેની માહિતી આ પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવે છે. આપને આ પત્રિકા આપના સરનામે મળે એવી ઈચ્છા હોય તો અમારા મુંબઈ કેન્દ્રના સરનામા પર પત્ર દ્વારા કે ઈમેલ દ્વારા ખબર કરવી. કૃપા કરી તમારું સંપૂર્ણ નામ, સરનામું, ફોન નંબર અને ઈમેઈલ જો હોય તો તે અમને જણાવશો.

## એ જ મુક્તિમાં સત્ય ઉદ્ભવે છે

**જો** તમે સદ્ગુણ વિષે જાણતા હો તો તમને એ ખબર હશે કે તેમાં પ્રતિકાર કરવાનો હોતો નથી. દયા, ઉદારતા, આત્મ-વિશ્વાસ, ઈર્ષ્યાથી મુક્તિ જેવા સદ્ગુણો કેળવવાથી નથી ઉદ્ભવતા. જ્યારે સદ્ગુણને કેળવવામાં આવે છે ત્યારે તે પ્રતિકાર બની જાય છે, પરંતુ જો તમે પોતાને સમજવાના રસ્તા જેવી બનવાની પ્રક્રિયાથી સભાન હો ત્યારે બનવાનું (અસ્તિત્વ) ઉદ્ભવે છે. એ કેવું કહેવાય કે જે બનવાના સંઘર્ષમાંથી બહાર નીકળવાના પ્રયત્નો કરવામાં જ તે તેમાં ફસાઈ જાય છે! અહીં કેવળ એટલું જ થઈ શકે - સાવધાન રહેવું અને શાંતિપૂર્વક બનવાની આ પ્રક્રિયાને જાણવી! બનવું એટલે પ્રતિકાર કરવા તૈયાર થવું, અને પ્રતિકાર સ્મૃતિને કેળવવાની વાત છે કે જે દંભી પ્રામાણિકતા છે. પસંદગી કે નિંદા કર્યા વગર સભાન રહો, તો તમને ખ્યાલ આવશે કે પ્રતિકારની દીવાલ પડી ગઈ છે. ત્યારે જ, એ જ મુક્તિમાં સત્ય ઉદ્ભવે છે.

મુંબઈ ૧૯૪૮, ભાષણ ૮

*Published in January, May, September*

Periodical

*Registered with The Registrar of Newspapers for India under No. MAHGUJ/2008/25168*

*If undelivered please return to :*
**Krishnamurti Foundation India**
Mumbai Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road,
Malabar Hill, Mumbai - 400 006.
Tel.: (022) 2363 3856 Email : kfimumbai@gmail.com
Websites : www.kfionline.org, www.jkrishnamurti.org

*Published by P.V. Dabholkar on behalf of Krishnamurti Foundation India, Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai-400 006. Printed by S.V. Limaye at India Printing Works, 42, G.D. Ambekar Marg, Wadala, Mumbai - 400 031. E-mail : ipw@vsnl.net • Editor : Vasanti Padte • Translator : Harshad Dave • Designed by Eurythmic Designs. E-mail : info@Eurythmicdesigns.com*